**GOVERNMENT OF GUJARAT**

**LEGAL DEPARTMENT**

**Bombay Act No. LXI**

**of 1959**

**The Bombay Habitual**

**Offenders Act, 1959**

(As modified up to the 30th April, 1984)

ગુજરાત સરકાર

કાયદા વિભાગ

સન ૧૯૫૯નો મુંબઇ અધિનિયમ ક્રમાંક ૬૧

મુંબઇ રીઢા ગુનેગાર અધિનિયમ, ૧૯૫૯

(સન ૧૯૮૪ના એપ્રિલ મહિનાની ૩૦મી તારીખ સુધી સુધારેલો)

મુંબઇ રીઢા ગુનેગાર અધિનિયમ, ૧૯૫૯

અનુક્રમણિકા


પ્રસ્તાવના

કલમો

પ્રકરણ–૧ : પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ

વ્યાખ્યાઓ.

પ્રકરણ–૨ : રીઢા ગુનેગારોનું રજીસ્ટ્રેશન અને તેમની હિલચાલ પર નિયંત્રણ

પ્રકરણ–૩ : રીઢા ગુનેગારોની સુધાર–તાલીમ

પ્રકરણ–૪ : શિક્ષા અને કાર્યરીતિ

પ્રકરણ–૫ : પ્રકીર્ણ

અનુસૂચિત

જુઓ કલમ ૨ (ઝ)

સન ૧૮૬૦નો ૪૫મો... ભારતના ફોજદારી અધિનિયમ હેઠળના ગુના

પ્રકરણ–૧૨ : કલમો

પ્રકરણ ૧૬ : કલમો

પ્રકરણ–૧૭ : કલમો

**પ્રકરણ–૨:રીઢા ગુનેગારોનું રજીસ્ટ્રેશન અને તેમની...**

પ્રકરણ–૨ : રીઢા ગુનેગારોનું રજીસ્ટ્રેશન અને તેમની હિલચાલ પર નિયંત્રણ
રીઢા ગુનેગારોના રજીસ્ટ્રેશનનો આદેશ કરવાની રાજ્ય સરકારની સત્તા.
રીઢા ગુનેગારોનું રજીસ્ટર તૈયાર કરવા માટેની કાર્યરીતિ
રજિસ્ટરનો હવાલો અને તેમાંના ફેરફારો.
કોઇપણ સમયે આંગળાંની અને હથેળીની છાપ, પગલાંનું નિશાન અને ફોટોગ્રાફ લેવાની સત્તા.
રજીસ્ટર થયેલા ગુનેગારોએ રહેઠાણના ફેરફારોની જાણ કરવા અને પોતે હાજર રહેવા બાબત.
બીજા જિલ્લામાં રીઢા ગુનેગારના રહેઠાણનો ફેરફાર થયે, જિલ્લા મેજીસ્ટ્રેટે અનુસરવાની કાર્યરીતિ.
રજિસ્ટ્રેશનની મુદત અને રીઢા ગુનેગારોનું રજિસ્ટ્રેશન.
ફરી રજિસ્ટ્રેશન વગેરે વિરૂદ્ધ રજૂઆત કરવાનો હક.
રજિસ્ટર થયેલા ગુનેગારોની હિલચાલ મર્યાદિત કરવાની સત્તા
હિલચાલ પરનું નિયંત્રણ રદ કરવાની અથવા તેમાં ફેરફાર કરવાની સત્તા
કલમો ૧૧ અને ૧૨ હેઠળની સત્તા અમુક મેજિસ્ટ્રેટોએ પણ વાપરવા બાબત.
(ચ) "રીઢો ગુનેગાર" એટલે, જે કોઇ વ્યક્તિને, તે અઢાર વર્ષની ઉંમરની થઇ હોય ત્યારથી
(૧) (આ અધિનિયમના આરંભ પહેલાં અથવા તે પછી અથવા અંશતઃ આવા આરંભ પહેલાં અને અંશતઃ આવા આરંભ પછી) પાંચ વર્ષની કોઇ લાગલગાટ મુદત દરમિયાન એક જ કાર્યનો ભાગ બને તેવી રીતે સાથે સંકળાયેલ ન હોય તેવા ગુના હોઇને, જુદા જુદા પ્રસંગોએ કરેલા એક અથવા વધારે અનુસૂચિત ગુનાઓ બદલ ઓછામાં ઓછા ત્રણ પ્રસંગોએ દોષિ ઠર્યે, મૂળ મુદતની કેદની શિક્ષા કરવામાં આવી હોય અને
(૨) આવી શિક્ષા અપીલ, અથવા ફેરતપાસમાં બદલવામાં આવી ન હોય, તે કોઇ વ્યક્તિ–
પરંતુ ઉપર્યુકત પાંચ વર્ષની લાગલગાટ મુદતની ગણતરી કરતી વખતે, કેદની શિક્ષા હેઠળ અથવા અટકાયત હેઠળ જેલમાં ગાળેલી કોઇ મુદત ગણવી જોઇશે નહીં.
(છ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું.
(જ) "રજિસ્ટર થયેલા ગુનેગાર" એટલે, આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલો અથવા ફરી રજિસ્ટર થયેલો રીઢો ગુનેગાર.
(ઝ) "અનુસૂચિત ગુનો" એટલે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલો ગુનો અથવા તેને મળતો આવતો ગુનો.
પ્રકરણ–૨ : રીઢા ગુનેગારોનું રજિસ્ટ્રેશન અને તેમની હિલચાલ પર નિયંત્રણ

| | |
|---|---|
| રીઢા અને ગુનેગારોના રજિસ્ટ્રેશનનો આદેશ કરવાની રાજ્ય સરકારની સત્તા | ૩. રાજ્ય સરકાર, જિલ્લા મેજીસ્ટ્રેટને તેના જિલ્લાની અંદર રીઢા ગુનેગારોનું રજિસ્ટર તૈયાર કરવાનો આદેશ કરી શકશે અને તેમાં આવા ગુનેગારોના નામ અને બીજી ઠરાવેલી વિગતો દાખલ કરવી જોઇશે. |
| રીઢા ગુનેગારોનું રજિસ્ટર તૈયાર કરવા માટેની કાર્યરીતિ | ૪. કલમ–૩ હેઠળ આપેલ આદેશ સિદ્ધ કરવાના હેતુ માટે, જિલ્લા મેજીસ્ટ્રેટે અથવા આ અર્થે તેણે નિમેલા કોઇ અધિકારીએ ઠરાવેલી રીતે, ઠરાવેલા નમૂના પ્રમાણે નોટિસ બજાવીને જિલ્લામાંના દરેક રીઢા ગુનેગારને નીચે પ્રમાણે ફરમાવવું જોઇશે –<br>(ક) નોટીસમાં નિર્દિષ્ટ કરેલા સમયે અને સ્થળે પોતાની સમક્ષ હાજર રહેવા માટે.<br>1. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી ખંડ (ટ) કમી કર્યો છે.<br>(ખ) રજીસ્ટરમાં રીઢા ગુનેગારનું નામ અને બીજી ઠરાવેલી વિગતો પોતે દાખલ કરી શકે તે માટે જરૂરી હોય તેવી માહિતી પૂરી પાડવા માટે અને<br>(ગ) રીઢા ગુનેગારના આંગળાંની અને હથેળીની છાપ, પગલાંનું નિશાન અને ફોટોગ્રાફ લેવા દેવા માટે.<br><br>પરંતુ રીઢા ગુનેગારનું નામ અને બીજી ઠરાવેલી વિગતો, આવી નોંધ શા માટે ન કરવી જોઇએ તેનું કારણ દર્શાવવાની વાજબી તક તેને આપવામાં આવી હોય તે સિવાય, રજિસ્ટરમાં દાખલ કરી શકાશે નહિં. |
| રજિસ્ટરનો હવાલો અને તેમાંના ફેરફારો | ૫. (૧) જિલ્લા પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટની દેખરેખ નીચે રજિસ્ટર રાખવું જોઇશે અને તેણે પોતાના અભિપ્રાય પ્રમાણે તેમાં જે ફેરફારો કરવા જોઇએ તે કોઇ ફેરફારોની વખતોવખત જિલ્લા મેજીસ્ટ્રેટને જાણ કરવી પડશે.<br>(૨) પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટની દેખરેખ નીચે રજિસ્ટર રાખવામાં આવે તે પછી જિલ્લા મેજીસ્ટ્રેટના લેખિત હુકમથી અથવા તે હેઠળ હોય તે સિવાય, કોઇ નવી નોંધ રજિસ્ટરમાં કરવી જોઇશે નહિં તેમજ કોઇ નોંધ કરવી જોઇશે નહીં. |
| કોઇપણ સમયે આંગળાની અને હથેળીની છાપ, પગલાનું નિશાન અને ફોટોગ્રાફ લેવાની સત્તા | ૬. જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા આ અર્થે તેણે નીમેલા કોઇ અધિકારી, કોઇપણ સમયે કોઇ રજિસ્ટર થયેલા ગુનેગારના આંગળાની અને હથેળીની છાપ, પગલાંનું નિશાન અને ફોટોગ્રાફ લેવાનો હુકમ કરી શકશે. |

| | |
|---|---|
| રજિસ્ટર થયેલા ગુનેગારોએ રહેઠાણના ફેરફારોની જાણ કરવા અને પોતે હાજર રહેવા બાબત. | ૭. (૧) દરેક રજિસ્ટર થયેલા ગુનેગારે, સામાન્યતઃ તેના રહેઠાણના કોઇ ફેરફાર અથવા સૂચિત ફેરફારની ઠરાવવામાં આવે તેવા સત્તાધિકારીને અને ઠરાવવામાં આવે તેવી રીતે જાણ કરવી જોઇશે.<br><br>પરંતુ આવો ગુનેગાર (રાજ્યની અંદર હોય કે ન હોય તો પણ) બીજા જિલ્લામાં સામાન્યતઃ તેનું રહેઠાણ ફેરવે અથવા ફેરવવાનો ઇરાદો હોય, ત્યારે તેણે ફેરફારની અથવા સૂચિત ફેરફારની જિલ્લા મેજિસ્ટ્રેટને જાણ કરવી જોઇશે.<br>(૨) જિલ્લા મેજીસ્ટ્રેટે લેખિત હુકમથી આદેશ કરી શકશે કે કોઇ રજીસ્ટર થયેલા ગુનેગારે–<br>(ક) હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સત્તાધિકારી સમક્ષ અને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રીતે દરેક મહિનામાં એક વખત અથવા હુકમમાં નિર્દિષ્ટ કરેલાં કારણોસર જિલ્લા મેજીસ્ટ્રેટ એવી રીતે આદેશકરે તે પ્રસંગે, વારંવાર જાતે હાજર રહેવું જોઇશે અને<br>(ખ) સામાન્યતઃ તેના રહેઠાણેથી પોતે ગેરહાજર રહે અથવા ગેરહાજર રહેવાનો ઇરાદો હોય, તો તેની ઉપર્યુકત સત્તાધિકારીને જાણ કરવી જોઇશે.<br><br>પરંતુ જિલ્લા મેજીસ્ટ્રેટ પોતાને વાજબી લાગે તેવી મુદત માટે અને તેવી શરતો હેઠળ આવા કોઇ ગુનેગારોને સામાન્યતઃ તેના રહેઠાણેથી ગેરહાજર રહેવાની અથવા ગેરહાજર રહેવાનો ઇરાદો હોય તેની જાણ કરવામાંથી મુકત રાખી શકશે. |
| બીજા જિલ્લામાં રીઢા ગુનેગારના રહેઠાણનો ફેરફાર થયે, જિલ્લા મેજીસ્ટ્રેટે અનુસરવાની કાર્યરીતિ | ૮. (૧) કોઇ રજિસ્ટર થયેલો ગુનેગાર રાજ્યની અંદર બીજા જિલ્લામાં સામાન્યતઃ તેનું રહેઠાણ ફેરવે ત્યારે જે જિલ્લામાં ગુનેગાર રજીસ્ટર થયો હોય તે જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટે આવા ફેરફારની બીજા જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટને જાણ કરવી જોઇશે અને તે જ સમયે રજિસ્ટરમાં રજિસ્ટર થયેલા ગુનેગારનું નામ અને તેને લગતી બીજી વિગતો તેને પુરી પાડવી જોઇશે.<br>(૨) એવી જાણ થયે, બીજા જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટે તેનું પુરૂં પાડેલ રજિસ્ટર થયેલા ગુનેગારનું નામ અને બીજી વિગતો પોતાના રજિસ્ટરમાં દાખલ કરવી જોઇશે અને આવા રજિસ્ટ્રેશનની પ્રથમ જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટને જાણ કરવી જોઇશે અને તેમ થયે આવા જિલ્લા મેજીસ્ટ્રેટે તે ગુનેગારને લગતી નોંધ પોતાના રજિસ્ટરમાંથી રદ કરવી જોઇશે.<br><br>પરંતુ રજિસ્ટર થયેલો ગુનેગાર રાજ્યની બહાર બીજા જિલ્લામાં સામાન્યતઃ તેનું રહેઠાણ ફેરવે ત્યારે પ્રથમ જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટે રજિસ્ટર થયેલા ગુનેગારનું નામ અને બીજી વિગતો બીજા જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટને પૂરી પાડતી વખતે તે જિલ્લા મેજીસ્ટ્રેટને એવી વિનંતી કરવી કે તે બીજા જિલ્લામાં તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ ગુનેગારના સંબંધમાં લેવામાં આવે તે કોઇ પગલાંની તેને જાણ કરવી જોઇશે અને આવી જાણ થયે, પ્રથમ જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટે તે ગુનેગારને લગતી નોંધ પોતાના રજીસ્ટરમાંથી રદ કરવી જોઇશે.<br>(૩) પેટા–કલમ (૨) હેઠળ રાજ્યમાં કોઇ રજીસ્ટરમાં રજિસ્ટર થયેલા ગુનેગારનું નામ અને બીજી વિગતોની નોંધ કરવામાં આવે એટલે આ અધિનિયમની જોગવાઇઓ અને તે હેઠળ કરેલા નિયમો, જાણે કે કલમ ૩ હેઠળ આપેલા આદેશ અનુસાર જે જિલ્લામાં સામાન્યતઃ તેનું રહેઠાણ ફેરવ્યું હોય તે જિલ્લાના રજિસ્ટરમાં તેને રજિસ્ટર કરવામાં આવ્યો હોય તેમ તેને લાગુ પડશે. |
| રજિસ્ટ્રેશનની મુદત અને રીઢા ગુનગારોનું રજિસ્ટ્રેશન | ૯. (૧) પેટા–કલમ (૩)ની જોગવાઇને આધીન રહીને, આ અધિનિયમ હેઠળ રીઢા ગુનેગારનું રજિસ્ટ્રેશન વહેલું રદ કરવામાં આવે તે સિવાય આવા રજિસ્ટ્રેશનની તારીખથી પાંચ વર્ષ પૂરા થયે, અમલમાં હોતું બંધ થશે અને આવું રજિસ્ટ્રેશન રદ થયે અથવા મુદત પૂરી થયે રીઢો ગુનેગાર રજિસ્ટર થયેલ ગુનેગાર હોતો બંધ થશે.<br>(૨) રજિસ્ટ્રેશન રદ થાય અથવા તેની મુદત પુરી થાય તે છતાં રીઢા ગુનેગારને, આવું રજિસ્ટ્રેશન રદ થયા પછી અથવા મુદત પુરી થયા પછી કોઇપણ સમયે જેટલી વખત તેને એક અથવા વધુ અનુસૂચિત ગુનાઓ બદલ દોષિત ઠરાવવામાં આવ્યો હોય તેટલી વખત રજિસ્ટ્રેશનને લગતી આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર ફરી રજીસ્ટર કરી શકાશે અને પેટા–કલમ (૩)ની જોગવાઇઓને આધીન રહીને ફરી રજિસ્ટ્રેશન વહેલું રદ કરવામાં આવે તે સિવાય, આવા ફરી રજિસ્ટ્રેશનની તારીખથી પાંચવર્ષ પુરાં થયે, અમલમાં હોતું બંધ થશે.<br>(૩) રજિસ્ટ્રેશન અથવા ફરી રજિસ્ટ્રેશનની મુદત દરમિયાન રજિસ્ટર થયેલો ગુનેગાર, એક અથવા વધારે અનુસૂચિત ગુનાઓ બદલ દોષિત ઠર્યો હોય અને કેદની મૂળ મુદતની સજા કરવામાં આવી હોય ત્યારે રજિસ્ટ્રેશન અથવા ફરી રજિસ્ટ્રેશનની મુદત, આવી કેદમાંથી તેને છોડી મુકયાની તારીખથી પાચવર્ષની મુદત સુધી લંબાવવી જોઇશે. |

| | |
|---|---|
| ફરી રજિસ્ટ્રેશન વગેરે વિરૂદ્ધ રજૂઆત કરવાનો હક | ૧૦. (૧) કલમ ૪ અથવા યથા પ્રસંગ કલમ–૯ હેઠળ પોતાના નામના રજિસ્ટ્રેશન અથવા ફરી રજિસ્ટ્રેશનથી અથવા કલમ ૭ની પેટા–કલમ (૨) હેઠળના હુકમથી નારાજ થયેથી કોઇ વ્યક્તિ આવા રજિસ્ટ્રેશન અથવા ફરી રજિસ્ટ્રેશન અથવા હુકમ વિરૂદ્ધ રાજ્ય સરકારને ઠરાવેલી મુદતની અંદર રજૂઆત કરી શકશે.<br>(૨) રાજ્ય સરકાર, રજૂઆત ઉપર વિચારણા કર્યા પછી અને નારાજ થયેલી વ્યક્તિને જે કંઇ કહેવું હોય તે કહી સંભળાવવાની તક આપ્યા પછી યથાપ્રસંગ, રજિસ્ટ્રેશન ફરી રજિસ્ટ્રેશન અથવા હુકમ બહાલ રાખશે અથવા રદ કરશે અને બહાલ રાખવામાં આવે તે કિસ્સામાં તે માટેનાં કારણોની સંક્ષિપ્ત કેફિયત નોંધશે. |
| રજિસ્ટર થયેલા ગુનેગારોની હિલચાલ મર્યાદિત કરવાની સત્તા | ૧૧. (૧) રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે જાહેર હિતમાં તેમ કરવાનું જરૂરી અથવા ઇષ્ટ છે, તો રાજ્ય સરકાર, પેટા કલમ (૪)ની જોગવાઇઓને આધીન રહીને હુકમથી એવો આદેશ કરી શકશે કે રજિસ્ટર થયેલા કોઇ ગુનેગારે, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તારમાં અને ત્રણ વર્ષ કરતાં વધારે ન હોય તેટલી મુદત સુધી પોતાની હિલચાલ મર્યાદિત રાખવી જોઇશે.<br>(૨) આવો કોઇ હુકમ કરતાં પહેલાં રાજ્ય સરકારે નીચેની બાબતો વિચારણામાં લેવી પડશે.<br>(ક) રજીસ્ટર થયેલો ગુનેગાર જે ગુનાઓ બદલ દોષિત ઠર્યો હોય તે ગુનાનો પ્રકાર અને જે સંજોગોમાં તે ગુનાઓ કરવામાં આવ્યા હતા તે સંજોગો બાબત.<br>(ખ) રજિસ્ટર થયેલો ગુનેગાર કોઇ કાયદેસર ધંધો કરે છે કે કેમ અને આવો ધંધો જીવનમાં પ્રમાણિક અને નિ^તિ માર્ગે જવામાં સહાયભૂત થાય છે કે કેમ તે બાબત અને આવો ધંધો ગુનો કરવાનું સરળ બનાવવાના હેતુમ ાટે માત્ર એક બહાનું નથી તે બાબત.<br>(ગ) જે વિસ્તાર પુરતી તેની હિલચાલ મર્યાદિત કરવાની હોય તે વિસ્તારની યોગ્યતા બાબત અને<br>(ઘ) રજિસ્ટર થયેલો ગુનેગાર નિયંત્રિત વિસ્તારની અંદર જે રીતે પોતાનો જીવનનિર્વાહ ચલાવી શકે તે બાબત અને તે માટે પ્રાપ્ય થઇ શકે તેવી અથવા પ્રાપ્ય થવાનો સંભવ હોય તેવી પૂરતી ગોઠવણ બાબત.<br>(૩) હુકમની એક નકલ ઠરાવેલી રીતે રજિસ્ટર થયેલા ગુનેગાર પર બજાવવી જોઇશે.<br>(૪) પેટા–કલમ (૧) હેઠળના હુકમમાં નિર્દિષ્ટ કરેલી મુદત, કોઇપણ કેસામાં કલમ–૯માં ઉલ્લેખેલ યથાપ્રસંગ, રજિસ્ટ્રેશન અથવા ફરી રજિસ્ટ્રેશનની મુદત કરતાં વધુ લંબાવવી જોઇશે નહિં. |
| હિલચાલ પરનું નિયંત્રણ રદ કરવાની અથવા તેમાં ફેરફાર કરવાની સત્તા | ૧૨. રાજ્ય સરકાર, હુકમથી કલમ ૧૧ હેઠળ કોઇ હુકમ કરદ કરી શકશે અથવા તે કલમ હેઠળના હુકમમાં નિર્દિષ્ટ કરેલા કોઇ વિસ્તારમાં ફેરફાર કરી શકશે.<br><br>પરંતુ આવો હુકમ કરતાં પહેલાં, રાજ્ય સરકાર, કલમ–૧૧ની પેટા–કલમ(૨)માં ઉલ્લેખેલી બાબતો, જેટલે સુધી લાગુ પાડી શકાય તેટલે સુધી તે બાબતો વિચારમાં લેશે. |
| કલમો ૧૧ અને ૧૨ હેઠળની સત્તા અમુક મેજિસ્ટ્રેટોએ પણ વાપરવા બાબત | ૧૩. (૧) પેટા–કલમ(૩)ની જોગવાઇઓને આધીન રહીને કલમો ૧૧ અને ૧૨ હેઠળની રાજ્ય સરકારની સત્તા, અધિનિયમની કલમ ૧૧૦ હેઠળ કાર્ય કરવાની સત્તા ધરાવતા મેજિસ્ટ્રેટ દ્વારા પણ અધિનિયમની તે કલમ હેઠળ તેની સત્તા વાપરવાને બાધ આવ્યા વિના વાપરી શકાશે.<br>(૨) કલમ ૧૧ અથવા ૧૨ હેઠળ કાર્ય કરતા મેજિસ્ટ્રેટે બની શકે તેટલે સુધી, સારી વર્તણૂંક માટે તારણ આપવાનું ફરમાવતા હુકમ માટે અધિનિયમની કલમો ૧૧૨, ૧૧૩, ૧૧૪ અને ૧૧૭માં જણાવેલ કાર્યરીતિ અનુસરવી જોઇશે.<br><br>પરંતુ અધિનિયમની કલમ ૧૧૨માં ઉલ્લેખેલ લેખિત હુકમમાં મળેલી માહિતીનો સારાંશ જણાવવા ઉપરાંત ત્રણ વર્ષ કરતાં વધુ ન હોય તેવી મુદત જણાવવી જોઇશે અને આવી મુદત દરમિયાન નિયંત્રણનો હુકમ અમલમાં રહેશે.<br>(૩) રાજ્ય સરકારે કોઇ રીઢા ગુનેગારના સંબંધમાં કલમ ૧૧ હેઠળ કોઇ હુકમ કર્યો હોય ત્યારે મેજીસ્ટ્રેટે રાજ્ય સરકારનો હુકમ અમલમાં હોય તેવી કોઇ મુદત દરમિયાન તે જ રીઢા ગુનેગારના સંબંધમાં આ કલમથી મળેલી કોઇ સત્તા વાપરવી જોઇશે નહીં. |

**પ્રકરણ-૩ : રીઢા ગુનેગારોની સુધાર-તાલીમ**

| | |
|---|---|
| સુધાર વસાહતોની સ્થાપના. | ૧૪. (૧) આ અધિનિયમ હેઠળ સુધાર–તાલીમ આપવાનો આદેશ કરવામાં આવ્યો હોય તેવા રીઢા ગુનેગારોને સુધાર–વસાહતોમાં રાખવાના હેતુ માટે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી તેને જરૂર લાગે તેટલી સુધાર–વસાહતો રાજ્યમાં સ્થાપી અને નિભાવી શકશે.<br>(૨) રાજ્ય સરકાર (વસાહત અથવા બીજી રીતે ઓળખાતી) કોઇ ખાનગી રીતે સંચાલત સંસ્થાને પણ આ અધિનિયમના હેતુઓ માટે, સુધાર–વસાહત તરીકે મંજૂર અથવા પ્રમાણિત કરી શકશે. |
| રીઢા ગુનેગારોને સુધાર તાલીમ લેવાનો આદેશ કરવાની સત્તા. | ૧૫. (૧) જિલ્લા મેજીસ્ટ્રેટના રિપોર્ટ ઉપરથી અથવા બીજી રીતે રાજ્ય સરકારે એવી ખાતરી થાય કે રજિસ્ટર થયેલા ગુનેગારને સુધારવાની અને ગુનો થતો અટકાવવાની દ્રષ્ટિએ એવું ઇષ્ટ છે કે રજિસ્ટર થયેલા ગુનેગારે લાંબી મુદત માટે ચારિત્ર્ય સુધારવાની તાલીમ લેવી જોઇએ. ત્યારે રાજ્ય સરકાર, લેખિત હુકમથી એવો આદેશ કરી શકશે કે રજિસ્ટર થયેલા ગુનેગારે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી, તેના રજિસ્ટ્રેશન અથવા ફરી રજિસ્ટ્રેશનની મુદત કરતાં વધુ ન હોય તેવી મુદત સુધી ચારિત્ર્ય સુધારવાની તાલીમ લેવી પડશે.<br>(૨) જે રીઢો ગુનેગાર ચાલી વર્ષની ઉંમર કરતાં વધારે ઉંમરનો ન હોય–<br>(ક) કેદની સજાપાત્ર કોઇ ગુના બદલ દોષિત ઠર્યો હોય અથવા<br>(ખ) તેને અધિનિયમની કલમ ૧૧૦ અનુસાર સારી વર્તણૂંક માટે બોન્ડ આપવાનું ફરમાવવામાં આવ્યું હોય અને કોર્ટ અથવા મેજીસ્ટ્રેટને કેસમાંના પુરાવા અને રેકર્ડ પરની બીજી બાબતો ઉપરથી એવી ખાતરી થાય કે તેને સુધારવાની અને ગુનો થતો અટકાવવાની દ્દષ્ટિએ એવું ઇષ્ટ છે કે તેણે લાંબી મુદત સુધી ચારિત્ર્ય સુધારવાની તાલીમ લેવી જોઇએ ત્યારે કોર્ટ અથવા મેજીસ્ટ્રેટ આવા ગુના માટે તેને સજા કરવાને અથવા યથાપ્રસંગ આવુ બોન્ડ આપવાનું તેને ફરમાવવાને બદલે એવો આદેશ કરી શકશે કે તેણે કોર્ટ અથવા મેજીસ્ટ્રેટ નક્કી કરે તેવી ઓછામાં ઓછી બે વર્ષ તેમજ વધારેમાં વધારે પાંચ વર્ષની મુદત માટે સુધાર તાલીમ લેવી પડશે.<br>(૩) પેટા–કલમ (૧) અથવા પેટા–કલમ (૨) હેઠળ કોઇ આદેશ આપતાં પહેલાં, યથાપ્રસંગ, રાજ્ય સરકારે કોર્ટ અથવા મેજીસ્ટ્રેટે–<br>(ક) રીઢા ગુનેગારને લેવાને સુધાર–વસાહતમાંની સંખ્યા માટે નિયત અધિકારી સાથે વિચાર વિનિમય કરવો જોઇશે.<br>(ખ) ગુનેગારની શારીરિક તથા માનસિક સ્થિતિ અને સુધાર–વસાહતમાં સુધાર–તાલીમ લેવા માટેની તેની યોગ્યતાને ધ્યાનમાં લેવી જોઇશે અને<br>(ગ) આવો આદેશ શા માટે ન આપવો જોઇએ તેનું કારણ દર્શાવાવની ગુનેગારને વાજબી તક આપવી જોઇશે.<br>(૪) જેના સંબંધમાં સુધાર–તાલીમ લેવાનો આદેશ કરવામાં આવ્યો હોય તે રીઢા ગુનેગારને તેની તાલીમની મુદત માટે સુધાર–વસાહતમાં મુકવો જોઇશે અને તે આવી વસાહતમાં હોય ત્યારે ઠરાવવામાં આવે તેવી રીતે તેની સાથે વર્તવું જોઇશે અને તેવી તાલીમ આપવી જોઇશે. |
| સુધાર–વસાહતમાંતથી બદલી કરવાની અથવા છૂટો કરવાની સત્તા | ૧૬. રાજ્ય સરકાર અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ કોઇ અધિકારી, કોઇપણ સમયે લેખિત હુકમથી, સુધાર વસાહતમાં હોય તેકોઇ રીઢા ગુનેગારની બીજી સુધાર–વસાહતમાં બદલી કરવાનો અથવા તેમાંથીછૂટા કરવાનો આદેશ કરી શકશે અને તદ્નુસાર તેની તેવી રીતે બદલી કરવામાં અથવા યથાપ્રસંગ તેનો છૂટો કરવામાં આવશે. |

## પ્રકરણ-૪ : શિક્ષા અને કાર્યરીતિ

| | |
|---|---|
| અધિનિયમની અમુક જોગવાઈઓનું પાલન નહિ કરવા બદલ શિક્ષા | ૧૭. જે કોઇ રીઢો ગુનેગાર, કાયદેસરનું જે કારણ સાબિત કરવાનો બોજો તેના પર હોય તે કારણ વિના,<br>(ક) કલમ ૪ હેઠળ કાઢેલી નોટીસનું પાલન કરીને હાજર ન રહે અથવા<br>(ખ) તે કલમ હેઠળ ફરમાવેલી કોઇ માહિતી ઈરાદાપૂર્વક પૂરી ન પાડે અથવા જે માહિતી ખોટી છે એમ તે જાણતો હોય અથવા ખોટી છે એમ માનવાને તેને કારણ હોય અથવા તે ખરી છે એમ તે માનતો હોય તે કોઇ માહિતી સાચી માહિતી તરીકે પૂરી પાડે અથવા<br>(ગ) કલમ ૬ હેઠળ કરેલા હુકમ મુજબ કાર્ય કરતી કોઇ વ્યક્તિને તેની આંગળાં અને હથેળીની છાપ, પગલાંનું નિશાન અને ફોટોગ્રાફ લેવાદેવાની ના પાડે અથવા<br>(ઘ) કલમ ૭ની પેટા–કલમ (૧) ની જોગવાઇઓનું અથવા તેની પેટા–કલમ (૨) હેઠળ જિલ્લા મેજીસ્ટ્રેટના હુકમનું અથવા કલમ ૧૧ હેઠળના હુકમનું પાલન ન કરે, તે કોઇ રીઢા ગુનેગારને વોરંગ વગર પકડી શકાશે અને તેને<br>(૧) પ્રથમવાર દોષિત ઠર્યેથી છ મહિનાની મુદત સુધીની કેદની અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા એ બન્નેની શિક્ષા થશે અને<br>(૨) બીજીવાર અથવા ત્યારપછી દોષિત ઠર્યેથી એક વર્ષની મુદત સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા એ બંનીની શિક્ષા થશે.<br><br>પરંતુ ગુનેગારની ઉંમર અને શારીરિક તથા માનસિક સ્થિતિ અને સુધાર–વસાહતમાં ચારિત્ર્ય સુધારવાની તાલીમ લેવા માટેની તેની યોગ્યતા વિચારણામાં લીધા પછી કોર્ટને એવી ખાતરી થાય કે તેને સુધારવાની અને ગુનો થતો અટકાવવાની દૃષ્ટિએ એવું ઈષ્ટ છે કે તેણે લાંબી મુદત સુધી ચારિત્ર્ય સુધારવાની તાલીમ લેવી જોઇએ, તો કોર્ટ આ કલમ હેઠળ ગુનેગારને કોઇ શિક્ષા કરવો બદલે કારણ દર્શાવવાની તેને તક આપ્યા પછી (અને તેને લેવાને સુધાર–વસાહતોમાંની સંખ્યા માટે નિયત અધિકારી સાથે વિચારવિનિમય કર્યા પછી) એવો આદેશ કરી શકશે કે તે નક્કી કરે તેવી ત્રણ વર્ષ કરતાં વધારે ન હોય તેવી મુદત સુધી તેણે સુધાર–વસાહતમાં સુધાર–તાલીમ લેવી પડશે. |
| નિયંત્રિત વિસ્તાર અથવા સુધાર–વસાહતની બહાર મળી આવેલી વ્યક્તિઓની ગિરફતારી | ૧૮. જો કોઇ વ્યક્તિ–<br>(ક) જે વિસ્તાર પૂરતી તેની હિલચાલ મર્યાદિત કરવામાં આવી હોય તે વિસ્તારની બહાર જે શરતો હેઠળ એવોવિસ્તાર છોડવાની તેને પરવાનગી આપવામાં આવી હોય તે શરતોનું ઉલ્લંઘન કરીને, મળી આવે અથવા<br>(ખ) જે સુધાર–વસાહતમાં તેને મુકવામાં આવ્યો હોય તેમાંથી નાસી જાય, તો પોલીસ અધકારી, પોલીસ પટેલ અથવા ગામનો પહેરેગીર વોરંગ વગર તેને પકડી શકશે અને તેને મેજિસ્ટ્રેટ સમક્ષ લઇ જઇ શકશે અને તે મેજીસ્ટ્રેટ, હકીકતો સાબિત કરવામાં આવ્યે તેને તેવા વિસ્તારમાં અથવા તેની સુધાર–વસાહતમાં આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અનુસાર તજવીજ કરવા માટે લઇ જવાનો હુકમ કરી શકશે. |
| અગાઉ દોષિ ઠરેલી અમુક વ્યક્તિઓ માટે વધારેલી શિક્ષા | ૧૯. (૧) જે કોઇ વ્યક્તિ, કલમ ૧૧ અથવા કલમ ૧૫ હેઠળ જેના સંબંધમાં આદેશ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિ હોઇને અને અનુસૂચિના ભાગ–૧ હેઠળ આવતા અનુસૂચિત ગુનાઓ પૈકી કોઇ ગુના બદલ દોષિત ઠરી હોઇને તે ભાગમાં આવતા તે જ અથવા બીજા કોઇ અનુસૂચિત ગુના બદલ દોષિત ઠરી હોય તે વ્યક્તિને, દોષિત ઠર્યે, આજીવન કેદની અથવા દસ વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા થશે. |
| સન ૧૮૬૦નો ૪૫મો | (૨) આવી વ્યક્તિ, ભારત ફોજદારી અધિનિયમ અથવા બીજા કોઇ કાયદા હેઠળ કોઇ વધારે અથવા બીજી શિક્ષાને પાત્ર થાય તો તેની તેવી પાત્રતાને આ કલમના કોઇપણ મજકૂરથી અસર થશે નહીં. |
| શંકાસ્પદ સંજોગોમાં મળી આવેલ અમુક રજિસ્ટર થયેલા ગુનેગારોને શિક્ષા | ૨૦. જે વ્યક્તિના સંબંધમાં કલમ ૧૧ અથવા કલમ ૧૫ હેઠળ આદેશ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિ હોઇને, જે કોઇ વ્યક્તિ કોઇ સ્થળે એવા સંજોગોમાં મળી આવે કે જેથી કોર્ટને એવી ખાતરી થાય કે<br>(ક) તે ચોરી અથવા લૂંટ કરવાની તૈયારીમાં હતી અથવા એવું કૃત્ય કરવામાં મદદ કરવાની તૈયારીમાં હતી અથવા<br>(ખ) તે ચોરી અથવા લૂંટ કરવાની તૈયારી કરતી હતી, તો તેને દોષિત ઠર્યેથી ત્રણ વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા થશે અને તે એક હજાર રૂપિયા સુધીના દંડને પણ પાત્ર થશે. |
| રીઢા ગુનેગારને ગિરફતાર નહિ કરવા બદલ શિક્ષા | ૨૧. કલમ–૧૮ હેઠળ કોઇ વ્યક્તિને ગિરફતાર કરવાની તક હોય તેવો પોલીસ પટેલ અથવા ગામનો પહેરેગીર તેના કાબુ બહાર ન હોય તેવા સંજોગોમાં તેને ગિરફતાર ન કરે તો તેને દોષિત ઠર્યે એક મહિનાની મુદત સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા થશે. |

## પ્રકરણ-૫ : પ્રકીર્ણ

| | |
|---|---|
| હુકુમતનો બોધ | ૨૨. આ અધિનિયમ હેઠળ કાઢેલા કોઇ આદેશ અથવા હુકમની કાયદેસરતા સામે કોઇ કોર્ટ વાંધો ઉઠાવી શકશે નહિં. |
| કાનૂની કાર્યવાહીનો બાધ | ૨૩. આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્ય બદલ રાજ્ય સરકાર અથવા કોઇ વ્યક્તિ સામે દાવો, ફરીયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહીં. |
| સત્તાની સોંપણી | ૨૪. રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરામાથી એવો આદેશ કરી શકશે કે કલમ ૨૫ હેઠળની સત્તા સિવાય આ અધિનિયમ હેઠળ વાપરવાની કોઇ સત્તા, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો (કોઇ હોય તો તે)ને આધીન રહીને, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવો જિલ્લા મેજીસ્ટ્રેટના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાનો ન હોય તેવો અધિકારી પણ વાપરી શકશે. |
| નિયમો કરવાની સત્તા | ૨૫.(૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.<br>(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યાવિના, તેવા નિયમોમાં નીચેની તમામ અથવા તે પૈકી કોઇ બાબત માટે જોગવાઇ કરી શકાશે.<br>(ક) કલમ ૪ હેઠળ નોટિસનો નમૂનો અને આવી નોટીસ બજાવવાની રીત બાબત.<br>(ખ) રીઢા ગુનેગારોના રજિસ્ટરનો નમૂનો અને તેમાં દાખલ કરવાની વિગતો.<br>(ગ) કલમ–૭ની પેટા–કલમ (૧) હેઠળ કયા સત્તાધિકારીને અને કઇ રીતે સામાન્યતઃ રહેઠાણના કોઇ ફેરફારની અથવા સૂચિત ફેરફારની જાણ કરવી જોઇએ તે સત્તાધિકારી અને તે રીત બાબત.<br>(ઘ) જેની હિલચાલ મર્યાદિત કરવામાં આવી હોય તેવા રજિસ્ટર થયેલા ગુનેગારોએ પાલન કરવાના નિયંત્રણોના પ્રકાર બાબત.<br>(ચ) રજિસ્ટર થયેલા ગુનેગારોને ઓળખપત્રનું પ્રમાણપત્ર આપવા અને એવા પ્રમાણપત્રોની તપાસણી બાબત.<br>(છ) જે શરતો હેઠળ ગુનેગારોને, જે વિસ્તારમાં તેમની હિલચાલ મર્યાદિત કરવામાં આવી હોય તે વિસ્તાર અથવા જે સુધાર–વસાહતમાં તેમને મુકવામાં આવ્યા હોય તે છોડવાની પરવાનગી આપી શકાય તે શરતો.<br>(જ) ગુનેગારોને સુધાર–વસાહતોમાંથી છૂટા કરવાની શરતો બાબત.<br>(ઝ) સુધાર–વસાહતનું કામકાજ, વ્યવસ્થા, નિયંત્રણ અને દેખરેખ, તેમાં મુકેલી વ્યક્તિઓની શિસ્ત અને વર્તણૂંક સહિત.<br>(ટ) ખાનગી રીતે વ્યવસ્થા કરવામાં આવતી વસાહતો મંજૂર રાખવા માટે અથવા પ્રમાણિત કરવા માટેની શરતો અને રીત બાબત.<br>(ઠ) સુધાર–વસાહતો માટે બિન સરકારી મુલાકાતીઓની નિમણૂંક બાબત.<br>(ડ) રીઢા ગુનેગારના કુટુંબની વ્યક્તિઓને સુધાર–વસાહતમાં તેની સાથે રહેવાની પરવાનગી આપવાની શરતો અને સંજોગો બાબત.<br>(ઢ) આ અધિનિયમ હેઠળ જેની હિલચાલ મર્યાદિત કરવામાં આવી હોય અથવા જેને સુધાર–વસાહતોમાં મુકવામાં આવી હોય તે તમામ વ્યક્તિઓના કેસોની મુદતે મુદતે પુનર્વિચારણા કરવા બાબત.<br>(ત) આ અધિનિયમ હેઠળ ઠરાવવાની હોય અથવા ઠરાવવામાં આવે તેવી બીજી કોઇ બાબત.<br>(૩) આ અધિનિયમ હેઠળ નિયમો કરતી વખતે, રાજ્ય સરકાર એવી જોગવાઇ કરી શકશે કે તે નિયમો પૈકી કોઇ નિયમના ઉલ્લંઘન બદલ એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.<br>(૪) આ અધિનિયમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ રાજ્ય વિધાનમંડળ સમક્ષ મુકવા જોઇએ. |
| અપવાદ | ૨૬. આ અધિનિયમમાંના કોઇપણ મજકૂરથી નિયંત્રણ અથવા અટકાયતનો કોઇ હુકમ કરવા માટે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા હેઠળ કોઇ યોગ્ય સત્તાધિકારીની સત્તાને અસર થશે નહીં. |
| રદ કરવા બાબત અને અપવાદ | ૨૭. આ અધિનિયમના આરંભે, નીચેના અધિનિયમો રદ થયેલા ગણાશે એટલે કે– |
| સન ૧૯૪૭નો મુંબઇનો ૫૧મો | (૧) મુંબઇ રીઢા ગુનેગાર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭ |
| સન ૧૯૫૪નો હૈદ્રાબાદનો ૨૨મો | (૨) હૈદ્રાબાદ રીઢા ગુનેગાર (નિયંત્રણ અને વસાહત) અધિનિયમ, ૧૯૫૪ અને |

| | |
|---|---|
| સન ૧૯૫૧નો સૌરાષ્ટ્રનો ૩૧મો | (૩) સૌરાષ્ટ્ર રીઢા ગુનેગાર નિયંત્રણ અધિનિયમ, ૧૯૫૧<br>પરંતુ આવી રીતે રદ કરવાથી, નીચેનાને અસર થશે નહીં.<br>(ક) એવી રીતે રદ કરેલા કોઇ અધિનિયમના અગાઉના અમલમને અથવા તે હેઠળ યોગ્ય રીતે કરશેલા અથવા કરવા દીધેલા કાર્યને<br>(ખ) એવી રીતે રદ કરેલા કોઇ અધિનિયમ હેઠળ સંપાદન કરેલ, પ્રાપ્ત કરેલ અથવા વહોરેલ કોઇ હક, વિશેષાધિકાર, દાયિત્વ અથવા જવાબદારીને.<br><br>(૩) એવી રીતે રદ કરેલા કોઇ અધિનિયમ વિરૂદ્ધ કરેલા કોઇ ગુનાના સંબંધમાં વ્હોરેલ કોઇ ગુનેગારી, જપ્તી અથવા શિક્ષાને.<br>(ઘ) ઉપર્યુકત પ્રમાણે આવા કોઇ હક, વિશેષાધિકાર,દાયિત્વ, જવાબદારી, ગુનેગારી, જપ્તી અથવા શિક્ષાના સંબંધમાં કોઇ તપાસ, કાનૂની કાર્યવાહી અથવા ઇલાજને અને એવી કોઇ તપાસ, કાનૂની કાર્યવાહી અથવા ઇલાજ, જાણે કે આ અધિનિયમ પસાર થયો ન હોત તેમ, માંડી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા અને અમલમાં લાવી શકાશે આવી કોઇ ગુનેગારી, જપ્તી અથવા શિક્ષા નાખી શકાશે.<br>વધુમાં અગાઉના પરંતુક આધીન રહીને એવી રીતે રદ કરેલા કોઇ અધિનિયમ હેઠળ (કરેલા હુકમો અથવા નિયમો, કાઢેલી નોટીસો અને સ્થાપેલ અથવા મંજૂર કરેલ વસાહતો સહિત) કરેલ કોઇ કાર્ય અથવા લીધેલ કોઇ પગલું જેટલે સુધી તે આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી આ અધિનિયમની તત્સમાન જોગવાઇઓ હેઠળ કર્યા કર્યું છે અથવા પગલું લીધું છે એમ ગણાશે અને આ અધિનિયમ હેઠળ કરેલ કોઇ કાર્ય અથવા લીધેલ કોઇ પગલાંથી રદ કરવામાં આવે તે સિવાય અને ત્યાં સુધી તદ્નુસાર અમલમાં ચાલુ રહેશે. |

**અનુસૂચિત**

**જુઓ કલમ ૨ (ઝ)**

**સન ૧૮૬૦નો ૪૫મો... ભારતના ફોજદારી અધિનિયમ હેઠળના ગુના**

**પ્રકરણ-૧૨ : કલમો**

| | |
|---|---|
| ૨૩૧ | ખોટા સિક્કા બનાવવા બાબત. |
| ૨૩૨ | ખોટા ભારતીય સિક્કા બનાવવા બાબત. |
| ૨૩૩ | ખોટા સિક્કા બનાવવા માટેનું સાધન બનાવવા કે વેચવા બાબત. |
| ૨૩૪ | ખોટા ભારતીય સિક્કા બનાવવા માટેનું સાધન બનાવવા અથવા વેચવા બાબત. |
| ૨૩૫ | ખોટા સિક્કા બનાવવા માટે ઉપયોગમાં લેવાના હેતુથી સાધન અથવા સામગ્રી કબજામાં રાખવા બાબત. |
| ૨૩૯ | સિક્કો બનાવટી છે એવી જાણ સાથે પોતાના કબજામાં હોય તે સિક્કો બીજાને આપવા બાબત. |
| ૨૪૦ | ભારતીય સિક્કો બનાવટી છે એવી જાણ સાથે પોતાના કબજામાં હોય તે સિક્કો બીજાને આપવા બાબત. |
| ૨૪૨ | પોતાના કબજામાં આવ્યો ત્યારે તે બનાવટી હોવાનું પોતે જાણતી હોય એવી વ્યક્તિએ કોઇ બનાવટી સિક્કો પોતાના કબજામાં રાખવા બાબત. |
| ૨૪૩ | પોતાના કબજામાં આવ્યો ત્યારે તે બનાવટી હોવાનું પોતે જાણતી હોય એવી વ્યક્તિએ કોઇ ભારતીય સિકકો પોતાના કબજામાં રાખવા બાબત. |

**પ્રકરણ ૧૬ : કલમો**

| | |
|---|---|
| ૩૦૪ | ખૂન ન ગણાય એવો ગુનાહિત મનુષ્યવધ. |
| ૩૦૭ | ખૂન કરવાની કોશિષ. |
| ૩૦૮ | ગુનાહિત મનુષ્યવધ કરવાની કોશિષ. |
| ૩૧૧ | ઠગ હોવું. |
| ૩૨૪ | ભયંકર હથિયાર કે સાધનો વડે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત. |
| ૩૨૫ | સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા બાબત. |
| ૩૨૬ | ભયંકર હથિયાર અથવા સાધનો વડે સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા બાબત. |
| ૩૨૭ | બળજબરીથી મિલકત કઢાવી લેવા કે કોઇ ગેરકાયદેસરનું કૃત્ય કરવું પડે તે માટે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત. |
| ૩૨૮ | ગુનો કરવાના ઈરાદાથી ઝેર, વગેરેથી વ્યથા કરવા બાબત. |
| ૩૨૯ | બળજબરીથી મિલકત કઢાવી લેવા કે કોઇ ગેરકાયદેસરનું કૃત્ય કરવું પડે તે માટે સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા બાબત. |
| ૩૩૨ | રાજ્ય સેવકને પોતાની ફરજ બજાવતાં રોકવા માટે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત. |
| ૩૩૩ | રાજ્ય સેવકને પોતાની ફરજ બજાવતાં રોકવા માટે સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા બાબત. |
| ૩૪૭ | બળજબરીથી મિલકત કઢાવી લેવા અથવા ગેરકાયદેસરનું કૃત્ય કરવું પડે તે માટે ગેરકાયદેસર અટકાયત. |
| ૩૬૫ | કોઇ વ્યક્તિને ગુપ્ત રીતે અને ગેરકાયદે અટકાયતમાં રાખવાના ઈરાદાથી અપહરણ અથવા અપનયન કરવા બાબત. |
| ૩૬૬–ક | સગીરબાળા મેળવી આપવા બાબત. |
| ૩૬૬–ખ | વિદેશમાંથી બાળાને આયાત કરવા બાબત. |
| ૩૬૮ | અપહરણ કરેલી કે અપનયન કરેલી વ્યક્તિને ગેરકાયદે છુપાવી રાખવા કેઅટકાયતમાં રાખવા બાબત. |
| ૩૬૯ | દસ વર્ષથી ઓછી વયના બાળકના શરીર ઉપરથી કોઇ વસ્તુની ચોરી કરવા માટે તેનું અપહરણ કે અપનયન કરવા બાબત |

પ્રકરણ-૧૭ : કલમો

| | |
|---|---|
| ૩૭૯ | ચોરી |
| ૩૮૦ | રહેણાંકના ઘર, વગેરેમાં ચોરી કરવા બાબત. |
| ૩૮૨ | ચોરી કરવા માટે મૃત્યુ નિપજાવવાની, વ્યથા કરવાની અથવ અવરોધ કરવાની તૈયારી કરીને ચોરી કરવા બાબત. |
| ૩૮૪ | બળજબરીથી કઢાવી લેવા બાબત. |
| ૩૮૫ | બળજબરીથી કઢાવી લેવા માટે કોઇ વ્યક્તિને ઇજા કરવાના ભયમાં મુકવા બાબત. |
| ૩૮૬ | કોઇ વ્યક્તિને મૃત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મૂકીને બળજબરીથી કઢાવી લેવા બાબત. |
| ૩૮૭ | બળજબરીથી કઢાવી લેવા માટે કોઇ વ્યક્તિને મૃત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મુકવા બાબત. |
| ૩૯૨ | લૂંટ. |
| ૩૯૩ | લૂંટ કરવાની કોશિષ |
| ૩૯૪ | લૂંટ કરવામાં સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત. |
| ૩૯૫ | ધાડ. |
| ૩૯૭ | મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની કોશિષ સાથે લૂંટ અથવા ધાડ |
| ૩૯૮ | પ્રાણઘાતક હથિયાર ધારણ કરીને લૂંટ કરવાની અથવા ધાડ પાડવાની કોશિષ કરવા બાબત. |
| ૩૯૯ | ધાડ પાડવા માટે તૈયારી કરવા બાબત. |
| ૪૦૦ | ધાડપાડુની ટોળીમાં સામેલ હોવા બાબત. |
| ૪૦૧ | ચોરોની ટોળીમાં સામેલ હોવા બાબત |
| ૪૦૨ | ધાડ પાડવા માટે એકત્રિત થવા બાબત. |
| ૪૧૧ | બદદાનતથી ચોરીનો માલ લેવા બાબત. |
| ૪૧૪ | ચોરીનો માલ છૂપાવવામાં મદદ કરવા બાબત. |
| ૪૫૧ | કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવા માટે ગૃહ–અપ–પ્રવેશ. |
| ૪૫૨ | વ્યથા, હુમલો અથવા ગેરકાયદે અવરોધ કરવાની તૈયારી કર્યા પછી ગૃહ–અપ–પ્રવેશ. |
| ૪૫૩ | ગુપ્ત ગૃહ–અપ–પ્રવેશ અથવા ઘરફોડ. |
| ૪૫૪ | કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવા માટે ગુપ્ત ગૃહ–અપ–પ્રવેશ અથવા ઘરફોડ. |
| ૪૫૫ | વ્યથા, હુમલો અથવા ગેરકાયદે અવરોધ કરવાની તૈયાર કર્યા પછી ગુપ્ત ગૃહ–અપ–પ્રવેશ અથવા ઘરફોડ. |
| ૪૫૬ | રાત્રે ગુપ્ત ગૃહ–અપ–પ્રવેશ અથવા ઘરફોડ. |
| ૪૫૭ | કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવા માટે રાત્રે ગુપ્ત ગૃહ–અપ–પ્રવેશ અથવા ઘરફોડ. |
| ૪૫૮ | વ્યથા, હુમલો અથવા ગેરકાયદે અવરોધ કરવાની તૈયારી કર્યા પછી રાત્રે ગુપ્ત ગૃહ–અપ–પ્રવેશ અથવા ઘરફોડ. |
| ૪૫૯ | ગુપ્ત ગૃહ–અપ–પ્રવેશ કરતી વખતે અથવા ઘરફોડ કરતી વખતે મહાવ્યથા કરવા બાબત. |
| ૪૬૦ | રાત્રે ગુપ્ત  કરવામાં અથવા રાત્રે ઘરફોડ કરવામાં સામેલ હોય તે, એવી વ્યક્તિઓ પૈકી કોઇ એક વ્યક્તિએ મૃત્યુ કે મહાવ્યથા નિપજાવી હોય તો તે તમામ વ્યક્તિઓ શિક્ષાને પાત્ર છે. |
| ૪૬૧ | સન ૧૯૫૬નો ૧૦૪મો..... સ્ત્રી કન્યા અનૈતિક વેપાર નિવારણ અધિનિયમ, ૧૯૫૬ હેઠળ ગુનો. વેશ્યાવૃત્તિથી થતી આવક પર જીવનનિર્વાહ ચલાવવા બાબત. |